# <u>રેગ્યુ. દિવાની દરખાસ્ત નં. : ૦૧/૨૦૨૪ તથા</u>
# <u>રેગ્યુ. દિવાની દરખાસ્ત નં. : ૫/૨૦૨૪ નાં કામે</u>
# <u>આંક–૦૧ તળે હુકમ</u>

આજરોજ હાલનાં કામની દરખાસ્ત હાથ ઉપર લીધી. વાદી પક્ષે વિ.વકિલ શ્રી હાજર છે. જયારે વાદીને હાજર રખાવવા અંગે પુછતાં તેઓને ટેલીફોનીક સંપર્ક કરતાં તેઓ આજ રોજ હાજર થઈ શકે તેમ નથી તેવું સ્પષ્ટ જણાવેલ છે. અત્રે એ ઉલ્લેખનિય રહે કે, હાલનાં કામનાં દરખાસ્તનાં વાદી તેઓને દરખાસ્તની બજવણી કરવા હાજર રહેવાનું હોવા છતાં રેકર્ડ જોતા છેલ્લી સાત મુદતથી તેઓ હાજર રહેલ નથી. અત્રે એ પણ ઉલ્લેખનિય રહે કે, **હાલનાં કામે રે.દિ.દરખાસ્ત ૧/૨૦૨૪ અને રે.દિ.દરખાસ્ત ૫/૨૦૨૪ નાં કામે વાદી બેન્ક દવારા ખોટા સોગંદનામાં કરી નામદાર કોર્ટનો હુકમ લેવામાં આવેલ હોય અને દરખાસ્ત દાખલ કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ પર આવેલ હોય તેઓને નોટિસ આપી તેઓનો ખુલાસો લેવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ જેથી તેઓને તાત્કાલીક હાજર થવા જણાવવાં છતાં તેઓએ હાજર થવા તેઓ પાસે આજ રોજ સમય ન હોય તેઓ જવાબ ટેલીફોનીક આપેલ છે.** વધુમાં, વાદી પક્ષે હાજર રહેલ વિ.વકિલ શ્રી ને સદર બાબતની ગંભીરતા વિશે સમજાવ્યાં બાદ પણ શું જવાબ આપેલ છે તે વિશે પુછતાં તેઓએ જણાવેલ છે કે, *''આજની તારીખે ૦૨:૩૦ વાગ્યાનાં અરસામાં ખોરાસા ગીર બ્રાન્ચનાં મેનેજર તેમજ તેમનાં ફિલ્ડ ઓફિસર બંનેને માળીયા નામદાર કોર્ટમાં દરખાસ્ત નંબર ૧/૨૪ અને દરખાસ્ત નંબર ૫/૨૪ નાં કામે હાજર રહેવા ટેલીફોનીક સુચના આપતાં તેઓએ જણાવેલ કે, અમારે બેન્કમાં કામગીરી હોવાથી અમો બંનેમાંથી એક પણ નામદાર કોર્ટમાં હાજર રહી શકીએ તેમ નથી. તેમણે જણાવેલ કે, તમો ગમે ત્યારે બોલવો ત્યારે અમારે હાજર રહેવાનું ? અને સોગંદનામાં ખોટા હોય તો તમે કરાવો છો તેવો જવાબ અમો એડવોકેટને આપેલ છે.''* આમ, ખૂબ જ ગંભીર પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયેલ હોવા છતાં બેન્ક મેનેજર દવારા ઉધ્ધતાઈ પુર્વક તેઓ કોર્ટે આવી શકે તેમ નથી અને બધી ફરજ તેઓનાં લીગલ એડવાઈઝરની થતી હોય તેવો જવાબ આપેલ છે. કોર્ટ દવારા કરવામાં આવતા આદેશોનું પાલન ન થયેથી તેઓ (બ્રાન્ચ મેનેજર) કન્ટેમ્પટ ઓફ કોર્ટ માટે તેમજ ખોટુ સોગંદનામુ કરવા બદલ ફોજદારી કાર્યવાહી થવા માટે જવાબદાર હોવા છતાં પોતાનાં હોદ્દાનાં અભિમાન તળે વકિલ શ્રીને પણ તોછડા જવાબ આપતા હોય તેવું જણાય આવેલ છે.

હાલની બંને દરખાસ્તો તાજેતરમાં પ્રતિવાદી પક્ષે હાજર રહેલ અમુક પ્રતિવાદીઓની રજુઆતનાં આધારે લોક અદાલતમાં પણ રાખવામાં આવેલી. પરંતુ લોક અદાલતનાં દિવસે પણ *એમીકેબલ સેટલમેન્ટ* કરવા વાદી બેંક તરફે કોઈ હાજર રહેલ ન હતુ. ઉપરોકત વિગતો મુજબ છેલ્લી છ સાત મુદૃતથી વાદી હાજર રહેતા

<u>**રેગ્યુ. દિવાની દરખાસ્ત નં. : ૦૧/૨૦૨૪ તથા**</u>
<u>**રેગ્યુ. દિવાની દરખાસ્ત નં. : ૫/૨૦૨૪ નાં કામે**</u>
<u>**આંક–૦૧ તળે હુકમ**</u>

નથી. માત્ર તેઓનાં વકિલ શ્રી હાજર રહી વાદી પક્ષની રજુઆત કરતા આવેલ છે. હાલની બંને દરખાસ્તો પુર્ણ થઈ શકે તેમ હોવા છતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનાં આદેશ મુજબ છ માસમાં પુર્ણ કરવા આદેશ કરેલ હોવા છતાં વાદી બ્રાન્ચ મેનેજરને કોર્ટે આવવાનો સમય મળતો નથી. વાદી દવારા ખોટા સોગંદનામા કરી હુકમનામુ મેળવેલ હોય તેવું રે.દિ.દરખાસ્ત નં.૫/૨૦૨૪ નાં પ્રતિવાદીને રુબરુમાં સાંભળતા જણાય આવેલ છે. આમ, બેંક વતી મનસ્વી રીતે અને કોર્ટથી પણ સુપિરીયર હોય તેવી રીતે હાલનાં કામની દરખાસ્તનાં વાદી (બ્રાન્ચ મેનેજર) વર્તતા આવેલ છે. અત્રેની કોર્ટ દવારા ઈશ્યુ કરવામાં આવતા વોરંટની બજવણી માટે સ્થાવર મિલકત કે જંગમ મિલકત જપ્તી માટે પણ વાદી જતા ન હોય તેવું રેકર્ડ ઉપર ઘણી વખત આવેલ હોય તેવું જણાય આવે છે.

આમ, જયુડિશિયલ કોર્ટ કોઈ બેંકની રિકવરી એજન્ટ ન હોય તેમજ દાવા તેમજ દરખાસ્તની કામગીરીની ફરજ બેંક વતી તેઓનાં લાગુ પડતા મેનેજરની હોય તેમ છતાં ખોટા સોગંદનામાનાં આધારે હુકમનામા મેળવવામાં આવતા હોય અને ખુલાસો કરવા હાજર રહેવા જણાવવા છતાં મનસ્વી જવાબો આપવામાં આવતા હોય, વાદી બેંકની હાલની દરખાસ્તો હવે આગળ ચલાવવા બિનજરૂરી સમય બગાડવા અત્રેની કોર્ટને વ્યાજબી લાગતુ ન હોય આજરોજની બંને દરખાસ્તો એટલે કે રે.દિ. દરખાસ્ત નં.૧/૨૦૨૪ અને રે.દિ.દરખાસ્ત નં.૫/૨૦૨૪ વાદી/બ્રાન્ચ મેનેજરની સમયનાં અભાવે અને વાદી પક્ષની કસુરનાં કારણે ડિસમીસ ફોર ડિફોલ્ટથી ફેસલ કરવામાં આવે છે. તેમજ બેલીફ શ્રી દવારા કરવામાં આવેલ મિલકતની ટાંચની કાર્યવાહી ખરેખર પક્ષકારની ખામીથી ભરેલી હોય તાત્કાલીક રિલીઝ કરવાનો આદેશ કરવામાં આવે છે.

**સ્થળ : માળીયા હાટીના.**
**તારીખ : ૧૭/૦૩/૨૦૨૬.**

**( બી. વી. ગોહિલ )**
**મુખ્ય સિવિલ જજ, માળીયા હાટીના.**
**(જજ કોડ–જીજે–૦૧૪૫૬)**